**વડાપ્રધાન માટે મહાસફાઇ અભિયાન થતું હોય તો બાકીના દિવસો માટે નવસારીવાસીઓનો શું ગુનો?**

# રસ્તા સાફ થઈ ગયા, સાહેબ આવે છે!

**ત્રીજા** દિવસે 120 ટનથી વધુ કચરાનો નિકાલ

**છ તાલુકાઓની** 243 ટીમો દ્વારા 132 ગામો અને જાહેર સ્થળોએ સફાઈ કામગીરી હાથ ધરાઈ






નવસારીઃ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગામી નવસારી પ્રવાસને અનુલક્ષીને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા શરૂ કરાયેલા ચાર દિવસીય મહા સ્વચ્છતા અભિયાનના ત્રીજા દિવસે સફાઈ કામગીરીએ વેગ પકડ્યો હતો.

જિલ્લાના છ તાલુકાઓમાં ૨૪૩ ટીમોના ૯૬૯ અધિકારી-કર્મચારીઓ અને સફાઈ કર્મીઓ ૨૩૮ વાહનો સાથે સફાઈ કામગીરીમાં જોડાયા હતા. એક જ દિવસમાં ૧૩૨ ગામો, ૩૪૦ જાહેર સ્થળો, ૫૯ ચોરસ કિલોમીટર વિસ્તાર અને ૧૫૫ કિલોમીટર લાંબા માર્ગોની સફાઈ કરી ૧૨૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારે અહીં સૌથી મોટો પ્રશ્નએ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના હોવાથી સફાઈ કરવામાં આવે છે તો બાકીના દિવસોમાં નવસારીવાસીઓને કેમ સ્વચ્છ શહેર આપવામાં આવતું નથી.

### જલાલપોર

જલાલપોર ૩૪.૯૦ ટન કચરાના નિકાલ સાથે મોખરે રહ્યો હતો. અહીં ૨૭ ગામો તથા ૨૮ કિલોમીટર માર્ગોને આવરી લેવામાં આવ્યા હતા.

### ગણદેવી

ગણદેવીમાં ૨૩ ગામો અને ૪૮ જાહેર સ્થળોની સફાઈ કરીને ૨૮.૫૫ ટન કચરો દૂર કરાયો હતો.

### નવસારી તાલુકો

નવસારી તાલુકામાં ૮૦ જાહેર સ્થળો અને ૨૭ કિલોમીટર માર્ગોની સફાઇ બાદ ૨૬.૮૧ ટન કચરાનો નિકાલ થયો હતો.

### આ તાલુકામાંથી પણ કચરાનો નિકાલ

» ચીખલીમાં ૧૨.૫૬ ટન » ખેરગામમાં ૯.૨૫ ટન » વાંસદામાં ૮ ટન

## ઓરવાડની સ્ટોન ક્વોરીમાં વેલ્ડીંગ દરમિયાન વીજ કરંટ લાગતા યુવકનું મોત

પારડી : પારડી તાલુકાના ઓરવાડમાં આવેલી 'શ્રી લક્ષ્મી સ્ટોન ક્વોરી'માં ૨૭ વર્ષીય મજૂરનું વીજ કરંટ લાગવાથી સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પરીયા રોડ, ઓરવાડ સ્થિત શ્રી લક્ષ્મી સ્ટોન ક્વોરીના કંપાઉન્ડમાં ગોલુકુમાર પ્રભુ પાસવાન (ઉં.આ.૨૭, મૂળ રહે. બિહાર) મશીનનું વેલ્ડીંગ કામ કરી રહ્યા હતા તે સમયે અર્થિંગના કારણે અચાનક ભારે વીજ કરંટ લાગ્યો હતો. જોકે, કરંટના કારણે ગોલુકુમાર ઢળી પડ્યા હતા. ઘટના બાદ ક્વોરીના મેનેજર અને અન્ય કર્મચારીઓ દ્વારા ગોલુકુમારને હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે ક્વોરીના વેપારી નિરવ નંદલાલ ડોબરીયા દ્વારા પારડી પોલીસ સ્ટેશનમાં માહિતી આપવામાં આવી છે. પોલીસે મૃતદેહને ઓરવાડ પીએચસી સરકારી હોસ્પિટલમાં પીએમ માટે મોકલી આપી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની આર. કે. દેસાઈ કોલેજનું ગૌરવ




વાપી : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા શાહ. એન. એચ. કોમર્સ કોલેજ વલસાડમાં ઇન્ટર કોલેજ કરાટેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કરાટે સ્પર્ધામાં વિવિધ ક્ષમતાઓ ધરાવતા વિવિધ કોલેજોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં આર. કે. દેસાઈ અચ્છારીવાલા B. C. A વિભાગના વિદ્યાર્થી પટેલ નિષ્ક ભરતભાઇ (S.Y. BCA) એ બીજો ક્રમાંક (સિલ્વર મેડલ) પ્રાપ્ત કર્યો હતો. કોલેજના ફિઝીકલ એજ્યુકેશનના અધ્યાપક ડો. પ્રફુલભાઇ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને તેમની ટ્રેનિંગ આપવા માટે મોટો ફાળો રહ્યો છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ તેમજ બી. સી.એ. વિભાગના હેડ નેહા પટેલ તેમજ આર. કે. દેસાઈ પરિવારના વિવિધ વિભાગના સર્વ આચાર્યઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

### દમણમાં નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો દંડાયા



દમણ : સંઘપ્રદેશ દમણમાં ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલ માટે વાહન ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે નાની દમણના વ્યસ્ત તીનબત્તી વિસ્તારમાં પોલીસે બેરિકેડ્સ ગોઠવી વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું. પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઇવ, સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો, હેલ્મેટ વગર વાહન ચલાવવું, માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ વગર વાહન હંકારવું, વધુ ઝડપે વાહન ચલાવવું સહિત મોટર વાહન અધિનિયમ હેઠળના વિવિધ નિયમોના ભંગ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. આ અભિયાન દરમિયાન મોટાભાગે નિયમોની અવગણના કરતા અનેક વાહનચાલકો પોલીસની ઝપટે ચઢ્યા હતા. પોલીસે દંડ વસૂલી કાયદાનું પાલન કરવાનો પાઠ ભણાવ્યો હતો. આગામી દિવસોમાં અન્ય વિસ્તારોમાં પણ આ જ પ્રકારે સઘન વાહન ચેકિંગ અભિયાન હાથ ધરી નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે કાર્યવાહીને વધુ કડક બનાવાશે.

### શામગહાનમાં મારામારી કેસમાં બે આરોપીને ૬ માસની કેદ

સાપુતારા : ડાંગ જિલ્લાના શામગહાન ગામે જૂની અદાવતના આક્ષેપ સાથે કોઈપણ કારણ વગર ગાળાગાળી કરી મારામારી કરવાના કેસમાં આહવાની જે.એમ.એફ.સી. કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. મુંરબી ગામના આરોપીઓ કમળાબેન નારાયણભાઈ વાઘમારે અને મિલનભાઈ નારાયણભાઈ વાઘમારેએ આ ગુનો આચર્યો હતો. ફરિયાદી પાંડુભાઈ ગાયકવાડ પોતાના પુત્રને ટિફિન આપવા ગયા ત્યારે આરોપીઓએ તમે જ મારા ભાઈને મારી નાખ્યો છે તેવા પાયાવિહોણા આક્ષેપ કરી ઉશ્કેરાટ ફેલાવ્યો હતો. આરોપીઓએ લાકડાના દંડા અને હાથથી હુમલો કરી ફરિયાદી, તેમના પુત્ર કૈલાશ તથા સાહેદ નારાયણભાઈ વાઘમારેને ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલો ન્યાયાધીશ વાય.પી. યાદવની અદાલતમાં ચાલી ગયો હતો. સરકારી વકીલ સુરેશભાઈ કોંકણીની ધારદાર દલીલો અને પુરાવાઓને ધ્યાને રાખી અદાલતે બંને આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે બંને ગુનેગારોને ૬ માસની સાદી કેદની સજા તથા એક-એક હજાર રૂપિયાનો દંડ ફટકારતો આકરો હુકમ કર્યો છે.

### નાનાપોંઢામાં યુવાન સાથે સાયબર ઠગાઈ

વલસાડ : વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના ખુટલી ગામ ખાતે રહેતા એક યુવાન સાથે ઓનલાઈન ઠગાઈની ઘટના સામે આવી છે. મોબાઈલ પર ઇન્સ્ટાગ્રામ જોતી વખતે એક શંકાસ્પદ એપ ડાઉનલોડ કરવા જતા યુવાનનો ફોન હેક થઈ ગયો હતો અને અજાણ્યા ઠગ દ્વારા બેંક ખાતામાંથી રૂપિયા 48,300 ટ્રાન્સફર કરી લેવાયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ફરિયાદી પ્રેમ જશવંત સાહરી ગત 16 જુલાઈએ ઇન્સ્ટાગ્રામ પર રીલ જોઈ રહ્યા હતા ત્યારે 'રિલુપ' નામની એપ ડાઉનલોડ કરતા તેમની આઈડી બંધ થઈ ગઈ હતી. રાત્રે અંદાજે 11:20 વાગ્યે ફોન આપમેળે ઓપરેટ થવા લાગ્યો હતો અને ઓટીપી આવ્યો હતો. ઇન્સ્ટાગ્રામ ચાલુ કરવાના પ્રયાસમાં તે ઓટીપી નાખતા જ અજાણ્યા ઈસમે ફોન હેક કરી લીધો હતો. ત્યારબાદ 18 જુલાઈએ એસ.બી. આઈ. બેંકના ખાતામાં બેલેન્સ ચેક કરતા કોઈ અજાણ્યા શખ્સે આઈ.ડી. એફ.સી. બેંક ખાતામાં 48,300 રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હોવાનું જણાયું હતું. આ અંગે યુવાને 19 જુલાઈએ સાયબર હેલ્પલાઇન નંબર 1930 પર તથા નાનાપોંઢા પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

### સગીરા દુષ્કર્મ કેસમાં આરોપીના વાપી પોક્સો કોર્ટે જામીન ફગાવ્યા

વલસાડઃ વાપીમાં ૧૩ વર્ષીય સગીરાનું અપહરણ કરી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરવાના ગુનામાં જેલ હવાલે થયેલા આરોપી સંજય બસંત જૈસ્યવાલની નિયમિત જામીન અરજી પોક્સો કોર્ટે ફગાવી દીધી છે. વાપીના સ્પેશિયલ પોક્સો જજ ડો. એચ. એન. વકીલની અદાલતે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને જામીન પર મુક્ત કરવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. આ કેસની વિગત મુજબ, આરોપી સંજય બસંત જૈસ્યવાલ સામે સગીરાનું અપહરણ કરી તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચરવા બદલ વાપી ટાઉન પોલીસ મથકમાં પોક્સો સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. વાપી ટાઉન પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરી હતી અને તપાસ પૂર્ણ કરી અદાલતમાં ચાર્જશીટ રજૂ કરી દીધી હતી. ચાર્જશીટ દાખલ થયા બાદ જ્યુડિશિયલ કસ્ટડી ભોગવી રહેલા આરોપીએ જેલમુક્ત થવા માટે પોક્સો કોર્ટમાં પ્રથમ વખત રેગ્યુલર જામીન અરજી દાખલ કરી હતી. આ સુનાવણી દરમિયાન ડી.જી.પી. અનિલ ત્રિપાઠીએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે આરોપી સામે ૧૩ વર્ષની નિર્દોષ સગીરા સાથે આચરેલા જઘન્ય અપરાધના પુરતા પુરાવા છે, તેથી તેને જામીન આપવામાં આવે તો ન્યાયના હિતને નુકસાન થઈ શકે તેમ છે. અદાલતે સરકારી પક્ષની દલીલોને ધ્યાને રાખી સમાજમાં આવા ગુનાઓ સામે કડક સંદેશ જાય તે હેતુથી આરોપી સંજય જૈસ્યવાલની જામીન અરજી નામંજૂર કરવાનો આદેશ કર્યો હતો.

### દમણના પુલ પરથી પ્રેમી પંખીડાએ નદીમાં ઝંપલાવી દીધું, માછીમારોએ બચાવ્યા

દમણ : સંઘપ્રદેશ દમણના રાજીવ ગાંધી સેતુ પૂલ પરથી આજરોજ સાંજે યુવાને દમણ ગંગા નદીમાં ઝંપલાવી દીધું હતું. યુવાને ઝંપલાવ્યા બાદ તુરંત એક મહિલાએ પણ નદીમાં ભૂસકો મારતા પૂલ પર લોકટોળું એકત્ર થઈ જવા પામ્યું હતું. અને મહિલા અને યુવાનને બચાવવા બૂમાબૂમ કરી હતી. અવાજ સંભળાતા માછીમારી કરી રહેલા માંગેલા સમાજના માછીમારોએ પૂલ નજીક આવી મહિલા અને યુવાનને બચાવી હોળી મારફતે કિનારે લઈ ગયા હતા. જે બાદ બંનેને મરવડ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જ્યાં તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે. ઘટનાની જાણ દમણ પોલીસ સાથે ફાયર વિભાગ સ્થળ પર પહોંચે તે પહેલા જ તેમને બચાવી લેવાયા હોવાની જાણ થતાં ફાયર વિભાગે પરત ફરવું પડ્યું હતું. બંને પ્રેમીપંખીડા હોવાનું અને અને છેલ્લા ઘણા સમયથી દમણમાં સાથે રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે પ્રેમીપંખીડાઓએ ક્યા કારણોસર આત્મહત્યા કરવાનું આવું ગંભીર પગલું ભર્યું હતું તે અંગે હજુ સ્પષ્ટ વિગતો પોલીસ તરફથી સામે આવી નથી. હાલ તો, પોલીસ આ મામલે તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મેઘમંડાણ વચ્ચે બીલીમોરામાં રાષ્ટ્રીય પક્ષી મોરનું મનમોહક નૃત્ય



બીલીમોરા : ચોમાસાની ઋતુમાં દક્ષિણ ગુજરાતની ધરતી લીલીછમ ચાદર ઓઢી લેતાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે. બીલીમોરામાં હાલ રમણીય કુદરતી વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે પારસી ડુંગરવાડી નજીક બુધવારે ઢળતી સાંજે રાષ્ટ્રીય પક્ષી મોરે પાંખો ફેલાવી મનમોહક નૃત્ય કરતાં પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર સર્જાયું હતું. વાદળછાયા વાતાવરણ અને ઠંડકભરી હવા વચ્ચે મોરે પોતાના રંગબેરંગી પીંછાં ફેલાવી નૃત્યની અદભુત કળા રજૂ કરી હતી. હરિયાળીથી છવાયેલા પરિસરમાં મોરના ટહુકા સાથે જોવા મળેલું આ મનોહર દ્રશ્ય જાણે કુદરતે જાતે જ સર્જેલું ચિત્ર હોય તેવું લાગતું હતું. મોરના નૃત્યની આ રમણીય ક્ષણ પારસી સદગૃહસ્થએ પોતાના મોબાઇલ કેમેરામાં કેદ કરી હતી. મોરની પાંખોનો આકર્ષક રંગ અને વરસાદી માહોલનું અદભુત સંયોજન જોવા મળતાં આ દ્રશ્યો સોશિયલ મીડિયામાં પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. બીલીમોરા આસપાસના લીલાછમ ખેતરો, વાડીઓ અને કુદરતી વિસ્તારોમાં આવા દ્રશ્યો સ્થાનિકોને પ્રકૃતિની નજીક હોવાનો સુંદર અહેસાસ કરાવે છે. મેઘમંડાણ વચ્ચે રાષ્ટ્રીય પક્ષી મોરની રંગબેરંગી પાંખો અને મનમોહક નૃત્યે બીલીમોરાના વરસાદી વાતાવરણમાં જાણે કુદરતી સૌંદર્યનો વધુ એક રંગ ભરી દીધો હતો.

# વાપીની GIDC કંપનીમાં બ્લાસ્ટથી કામદારનું મોત

**જીઆઈડીસીની** કંપનીમાં એરપ્રેશર લીકેજ બાદ જોરદાર બ્લાસ્ટમાં બે ઈજાગ્રસ્ત




વાપી : વાપી નજીક ચણોદ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી આર.બી. ઈલેક્ટ્રોનિક એન્ડ એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં એક મોટી દુર્ઘટના ઘટી હતી. ટેક્સટાઈલ ઉદ્યોગની મશીનરી બનાવતી આ કંપનીમાં અચાનક એરપ્રેશર લીકેજ થયા બાદ જોરદાર ધડાકા સાથે બ્લાસ્ટ થવાથી ભારે દોડધામ મચી ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ કામદારો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાંથી એક યુવાનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

બુધવારે સવારે આશરે નવથી સવા નવ વાગ્યાના અરસામાં કામદારો મશીનરીમાં એરપ્રેશર ચેક કરી રહ્યા હતા તે દરમિયાન આ બ્લાસ્ટ થયો હતો. કંપની સંચાલકોએ ત્વરિત પગલાં લઈ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને વાપી ઉદ્યોગનગર પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી.

આ ગંભીર દુર્ઘટનામાં ધરમપુરના મૂળ વતની અને હાલ કંપનીમાં જ રહેતા તુષાર કિશોરભાઈ જોગારી (ઉંમર ૨૪ વર્ષ) નામના યુવાનને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું સ્થળ પર જ મોત થયું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્ત નિર્ભય સોમા માહલા (ઉંમર ૨૫ વર્ષ) ને તાત્કાલિક સારવાર માટે વાપીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ વાપી ઉદ્યોગનગર પોલીસે આ સમગ્ર દુર્ઘટના અંગે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## અમેરિકી પાર્સલની લાલચે નાણાં પડાવનાર ઝડપાયો

**ફેસબુક** પર મિત્રતા કેળવી સોનાના દાગીના મોકલવાના બહાને છેતરપિંડી આચરનાર આરોપીને સાપુતારા પોલીસે રામગઢથી દબોચ્યો

સાપુતારા : સાપુતારા પોલીસે અમેરિકાથી સોનાના દાગીના તથા કપડાનું પાર્સલ મોકલવાની લાલચ આપી ફરિયાદી પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા પડાવી લેનાર આરોપીને ઝારખંડમાંથી ઝડપી પાડ્યો છે. આરોપીએ ફેસબુક દ્વારા ખોટી ઓળખ આપી ફરિયાદી સાથે મિત્રતા કેળવી અમેરિકાથી કિંમતી પાર્સલ મોકલવાના નામે ફોટા અને બિલ મોકલીને વિવિધ બહાના હેઠળ ૫૦,૦૦૦ રૂપિયા ઓનલાઈન પડાવી લીધા હતા. ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરી તથા જનેશ્વર નલવૈયાની સૂચના અને માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમના ગુનાના આરોપીઓને ઝડપી પાડવા પોલીસને સૂચનાઓ આપવામાં આવી હતી. સાપુતારા પોલીસ ઈન્સ્પેક્ટર જે.કે. બારીયા અને ટીમે એટીએમમાંથી નાણાં ઉપાડનાર ઈસમની માહિતી મેળવી હતી. આ તપાસના આધારે પોલીસે ઝારખંડના ગોલા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી આરોપી ક્રિશકુમાર મુંડાને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીને ડાંગ લાવ્યા બાદ તેની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાનહમાં જન્માષ્ટમી મહોત્સવે ભારે વાહનો માટે પ્રવેશબંધી

**2 થી** 5 સપ્ટેમ્બર દરમિયાન સાંજે 4 થી રાત્રિના 10 વાગ્યા સુધી નવા નિયમો અમલી

**કર્મચારીઓની** અવરજવર માટે 5 વૈકલ્પિક પોઈન્ટ્સ નિર્ધારિત

વાપી : દાદરા અને નગર હવેલીમાં આગામી 4 અને 5 સપ્ટેમ્બર 2026ના રોજ યોજનારા જન્માષ્ટમી મહોત્સવને અનુલક્ષીને પોલીસ વિભાગ દ્વારા એક વિશેષ ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. તહેવારના દિવસોમાં ખરીદી અને અન્ય પ્રવૃત્તિઓ અર્થે બજાર વિસ્તારમાં ઉમટી પડનારી ભક્તોની ભીડને ધ્યાનમાં રાખીને તથા વાહનવ્યવહારની સુગમતા અને જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કામચલાઉ ટ્રાફિક નિયમો અમલી બનાવવામાં આવ્યા છે.

નવા ટ્રાફિક નિયમો અનુસાર, 2 સપ્ટેમ્બરથી 5 સપ્ટેમ્બર 2026 સુધી દરરોજ સાંજે 4:00 વાગ્યાથી રાત્રે 10:00 વાગ્યા દરમિયાન કિલવણી નાકા જંકશનથી ઔદ્યોગિક તેમજ કંપનીની બસો અને તમામ ભારે વાહનોના પ્રવેશ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આથી તમામ સંબંધિત ઉદ્યોગો, પરિવહન એજન્સીઓ અને બસ ઓપરેટરોને આ સમય દરમિયાન વૈકલ્પિક રૂટ અપનાવવા અને પૂર્વ વ્યવસ્થા કરવા જણાવાયું છે.

આ ઉપરાંત કંપનીની બસોમાં કર્મચારીઓની અવરજવર માટે પાંચ ચોક્કસ પિક-અપ અને ડ્રોપ-ઓફ પોઈન્ટ્સ નક્કી કરાયા છે, જેમાં પંચમુખી હનુમાન, ભસ્તા ફળિયા, ગોગ બાર, ડોકમરડી બ્રિજ અને સિલવાસા પોલીસ સ્ટેશનની સામેનો વિસ્તાર સમાવિષ્ટ છે. બસ ચાલકોએ માત્ર આ નિર્ધારિત સ્થળોએ જ વાહનો ઊભા રાખવાના રહેશે. જેથી મુખ્ય રસ્તા પર ટ્રાફિકની સમસ્યા ઊભી ન થાય. ટ્રાફિક નિયમોનો અનાદર કરનાર સામે મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ કડક દંડ અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

## વાદળછાયા માહોલમાં નવસારીને હળવા વરસાદની હૂંફ

નવસારી : નવસારી જિલ્લામાં બુધવારે આકાશ વાદળોથી ઘેરાયેલું રહેતા વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના આંકડા મુજબ જલાલપોરમાં ૩ મીમી., વાંસદામાં ૨ મીમી. તથા નવસારી અને ચીખલીમાં ૧-૧ મીમી. વરસાદ નોંધાયો હતો. વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું હોવા છતાં વાદળછાયા વાતાવરણને કારણે ગરમીની અસર પ્રમાણમાં ઓછી અનુભવાઈ હતી. દિવસનું મહત્તમ તાપમાન ૩૧.૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુતમ તાપમાન ૨૭.૦ ડિગ્રી નોંધાયું હતું. સવારે હવામાં ભેજનું પ્રમાણ ૯૪ ટકા જેટલું ઊંચું રહ્યું હતું, જ્યારે સાંજે તે ૮૮ ટકા નોંધાયું હતું.

## સાપુતારા ઘાટમાં મોપેડ ચાલક પર દીપડાએ હિંસક હુમલો કર્યો

**હનુમાનજી** મંદિર પાસે યુ-ટર્ન પર બનેલી ઘટનામાં સિક્યુરિટી ગાર્ડનો બચાવ

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા તળેટીમાં આવેલા બરડપાણી રહેતા અને સિક્યુરિટી ગાર્ડ ભરત ધૂળે એક્ટિવા પર સાપુતારા ફરજ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન સાપુતારા ઘાટમાર્ગ પર આવેલા હનુમાનજી મંદિર નજીકના યુ-ટર્ન વળાંક પાસે દીપડો રસ્તા પર ઉતરી આવ્યો હતો. આ દીપડો એક્ટિવા નજીક આવી જઈ એક્ટિવાને અડફેટમાં લઈ તળેટીની જંગલની ઝાડીમાં ઉતરી જતા એક્ટિવા ચાલક ભરતભાઈ હેબતાઈ ગયા હતા અને ગભરાટમાં એક્ટિવા પરથી માર્ગ પર પટકાયા હતા. આ અકસ્માતમાં તેમને ઈજાઓ પહોંચી હતી. સદનસીબે, દીપડાએ આધેડ પર કોઈ હુમલો કર્યો ન હતો. ઘટના બાદ ઈજાગ્રસ્તને સાપુતારા પી.એચ.સી ખસેડાયા હતા. જ્યાં ડો. માનસીએ ઇજાગ્રસ્તની સારવાર કરતા શરીરે ક્યાંય દાંત કે નખનાં નિશાન દેખાયા ન હતા. આ બનાવની જાણ શામગહાન રેંજના આર.એફ.ઓ. મંજુલા ઠાકરેને થતાં જ તેઓ સાપુતારા હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. અચાનક સાપુતારા-શામગહાન રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં અચાનક દીપડાની ચહલ પહલથી પ્રવાસીઓ અને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે.

## ધરમપુર પંચાયત કચેરીમાં ચોરી કરનાર બે પકડાઈ ગયા

**નાસિકના** સુરગાણા તાલુકાના ઇસમો સામે ગુનો, પોલીસે અન્ય સંડોવણી અંગે તપાસ શરૂ કરી



ધરમપુર : ધરમપુર પંચાયત કચેરીમાં રાત્રિના સમયે થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં વોન્ટેડ બે આરોપીઓને ધરમપુર પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યા છે. બંને આરોપીઓ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના સુરગાણા તાલુકાના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. વલસાડ જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓમાં વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાની ઝુંબેશના ભાગરૂપે, મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ. સંદીપ ટી. (IPS)ની સૂચના તથા પોલીસ ઈન્સ્પેક્ટર એન.ઝેડ. ભોયાના માર્ગદર્શન હેઠળ ધરમપુર પોલીસ ટીમ સક્રિય થઈ હતી. દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ધરમપુર વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી. તપાસ વખતે બે શખ્સો નીતીન યશવંત પાલવી (ઉં. ૨૮) અને વિજય મધુકર ચૌધરી (ઉં. ૨૬) ની શંકાસ્પદ હિલચાલ જણાતાં પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તેમને દબોચી લીધા હતા. પોલીસ તપાસમાં ખૂલ્યું કે આ બંને શખ્સો સામે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલો છે અને તેઓ પંચાયત કચેરીની ચોરીમાં લાંબા સમયથી વોન્ટેડ હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.